Process Safety Beacon

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યકિતઓ માટે સંદેશો


Sponsored by CCPS Supporters

# કંન્સ્ટ્રકશન થી પાઈપલાઈનને નુકશાનથી લાગેલ આગ

એપ્રીલ – ૨૦૦૮

કંન્સ્ટ્રકશનના માણસો જમીન ખોદીને નવી પાણીની લાઇન નાખી રહ્યા હતા. ખોદકામ વખતે અજાણતા ખોદકામ મશીનથી ગેસની પાઈપલાઈનમાં કાણું પડી ગયું. કાણામાંથી નીકળેલી વરાળ સળગી અને એકદમ મોટો ધડાકો થયો જેને કારણે કંન્સ્ટ્રકશન કામ કરતાં પાંચ વ્યકિતઓ મૃત્યુ પામ્યા, બીજા ચાર ખુબ ગંભીર રીતે દાઝી ગયા, અડધા માઈલ (૦.૯ કિમી.) સુધીમાં રહેતાં માણસોને દુર ખસેડાવા પડ્યા, નજીકના મકાનોમાં ખૂબ નુકશાન થયું તથા અન્ય મિલકતોને પણ નુકશાન થયું. આ અકસ્માતનું મૂળભુત કારણએ હતું કે ખોદાણ કરતાં કારીગરોને ગેસ પાઈપની સચોટ જગ્યાની ખબર ન હતી. તેઓ જમીન પર પાઈપલાઈન કંપની દ્વારા કરેલાં નિશાનને અનુસરી રહ્યા હતા, જે ઈજનેરી નકશા કરતાં અલગ હતાં. ઈજનેરી નકશો એવું બતાવતો હતો કે પાઈપને ઝાડના મુળીયાની બાજુમાંથી વળાંક આપવામાં આવ્યો હતો પરંતુ હકીકતમાં પાઈપ નખાયા પછી ઝાડના મુળીયા કાપી નાખવામાં આવ્યા હતાં. સુરક્ષીત પરવાના પધ્ધતિ પ્રમાણે કામદારો અને સુપરવાઈઝએ પાઈપનું સ્થાન ઓજરો વાપરીને સુનિશ્ચિત પણ કર્યું ન હતું.





Courtesy of CalOSHA



Courtesy of Creative Commons ShareAlike 1.0 License: http://creativecommons.org/licenses/sa/1.0/

## શું તમો જાણો છો ?

આ અકસ્માત વસાહતમાં નવી પાઈપલાઈન નાખતાં થયો હતો, પરંતુ આવા પ્રકારના જોખમો ઘણાં કારખાનાઓ રહેલાં છે જેમાં જોખમી રસાયણોના વહન માટે જમીનની અંદર પાઈપલાઈન નાખેલી હોય છે. આ પાઈપલાઈનો કંપનીની પોતાની હોય શકે અથવાતો કારખાનામાંથી આવી પસાર થતી પાઈપલાઈનો ઘણી વખત બીજાની માલીકીની તથા બીજા દ્વારા, નજીકના કારખાના દ્વારા અથવાતો સ્થાનિક ગેસ કંપની દ્વારા નાખવામાં આવેલી હોય છે.

## તમો શું કરી શકો ?

- કોઈપણ ખોદાણ ચાલુ કરતાં પહેલાં ખાત્રી કરોકે કોઈએ ખોદવાની જગ્યાની જમીન નીચે રહેલી પાઈપલાઈન, વીજળીના વાયરો અથવા બીજી ક્રીટીકલ અથવા જોખમી આઈટમો વિગેરે નું સ્થાન ચકાસ્યું છે કે નહી. આવી વસ્તુની ચકાસણીને તમારી ખોદાણ માટેની પરવાના પધ્ધતિના ભાગ રૂપે ઉમેરો.
- કોઈપણ કંન્સ્ટ્રકશન કામ કરતા પહેલાં સુરક્ષા અવલોકન કરવાનું આયોજન કરો.
- ખોદાણ કામમાં  બનેલા કોઈપણ નીયરમીસ અકસ્માતની નોંધણી રાખો - ઘણી વખત પાઈપ અણધારેલી જગ્યાએથી મળતી હોય છે અથવા તો ધારેલી જગ્યા કરતાં અલગ જગ્યાએથી.
- તમારા પ્લાન્ટમાં પસાર થતી જોખમી રસાયણોની પાઈપલાઈનના સ્થાનને જાણો અને કોઈપણ કારણસર તેમાં લીકેજ થાય તો તેનો સામનો કેવી રીતે કરવો તે શીખો.
- તમે કોઈપણ પાઈપલાઈનની જગ્યામાં અથવાતો બીજી કોઈ જોખમી જગ્યાએ ખોદાણ કરોતો, ખાત્રી કરોકે તે માટેની કટોકટી અંગેની તાલીમ તમે લીધેલી છે.

**જમીન ખોદતાં પહેલાં તેની નીચે શું છે તે અવશ્ય જાણો !**

AIChE © 2008. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319